# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

“પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૫/૦૫/૨૦૧૮

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **“સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન” અંતર્ગત ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા “બાઈક રેલી”નું આયોજન.**
- **માનનીય પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી “બાઈક રેલી”ને પ્રસ્થાન કરાવશે.**
- **“સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન”થી રાજ્યના ૮૦૦૦થી વધુ તળાવો ઉંડા કરવાનું કામ આદરણીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં ચાલી રહ્યું છે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

સુરત શહેર તથા જીલ્લાના વિવિધ તાલુકાઓમાં "સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન" અંતર્ગત જળ સંચયની કામગીરી વેગ પકડી રહી છે. ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા જન જાગૃતિ માટે તા. ૦૬/૦૫/૨૦૧૮, રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકથી "બાઈક રેલી"નું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહી "બાઈક રેલી"ને પ્રસ્થાન કરાવશે. આ "બાઈક રેલી"માં ભારતીય જનતા યુવા મોરચા સહિત વિવિધ મોરચાના હજ્જારો કાર્યકર્તાઓ જોડાશે.

"બાઈક રેલી" અંબાજી મંદિર, ગુરૂકુળ પાસે, નાની વેડથી ડભોલી ચાર રસ્તા, વાળીનાથ ચોકથી, ધનમોરા ચાર રસ્તાથી કતારગામ પોલીસ સ્ટેશનથી કતારગામ રોડ ગોધાણી સર્કલથી કિરણ હોસ્પિટલથી અલ્કાપુરી ફલાય ઓવરથી ભવાની સર્કલથી રામનગર ડાબી બાજુથી ઝડફીયા સ્કુલથી વલ્લભાચાર્ય રોડથી હિરાબાગથી વરાછા રોડ, બરોડા પ્રિસ્ટેજથી મિનીબજાર પહોંચશે. ત્યારબાદ અહીં માનનીય પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી અને શહેર સંગઠનના પદાધિકારીશ્રીઓ સરદાર સાહેબની પ્રતિમાને વંદન કરી માલ્યાર્પણ કરશે.

ઉલ્લેખનીય છે કે "સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન"થી રાજ્યના ૮૦૦૦થી વધુ તળાવો ઉંડા કરવાનું કામ આદરણીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં ચાલી રહ્યું છે. જેનાથી આગામી ચોમાસામાં દરીયામાં વહી જતા પાણીને બચાવી શકાશે. પીવા અને સિંચાઈ માટે વધુ પાણી ઉપલબ્ધ બનશે તથા ભૂગર્ભ જળના તળ ઊંચા આવશે, જેનો લાભ રાજ્યના કરોડો નાગરીકો–ખેડૂતોને મળશે. આ અભિયાનમાં શહેર અને ગામડાના પ્રત્યેક નાગરીકો જોડાઈને પાતાના ગામ કે શહેરનું તળાવ, ચેકડેમ ઉંડુ કરવાનો સંકલ્પ કરી જળ સંગ્રહના કાર્યમાં સહભાગી બનશે.